Department of Education
GOVERNMENT OF WESTERN AUSTRALIA

# વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયન સર્ટિફિકેટ ઓફ એજ્યુકેશન

## માતાપિતા અને સંભાળકર્તાઓ માટે માહિતી

### ડબ્લ્યુએસીઇ અને ડબ્લ્યુએએસએસએ

વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયન સર્ટિફિકેટ ઓફ એજ્યુકેશન (ડબ્લ્યુએસીઇ)એ ઓસ્ટ્રેલિયાનાં લાયકાત માળખામાં રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર છે. ડબ્લ્યુએસીઇ એવા વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવે છે જેમણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનાં બે વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે અને જરૂરી ધોરણ પ્રાપ્ત કર્યું છે. ડબ્લ્યુએસીઇને યુનિવર્સિટીઓ, ઉદ્યોગ અને અન્ય તાલીમ પ્રદાતાઓ દ્વારા માન્યતા આપવામાં આવી છે.

જ્યારે તેઓ ધોરણ 12 પૂર્ણ કરે છે ત્યારે તમામ વિદ્યાર્થીઓને વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયન સ્ટેટમેન્ટ ઓફ સ્ટુડન્ટ એચિવમેન્ટ (ડબ્લ્યુએએસએસએ) મળે છે. ડબ્લ્યુએએસએસએ ઉચ્ચતર માધ્યમિક શાળામાં પૂર્ણ થયેલા દરેક અભ્યાસક્રમ, લાયકાત અને કાર્યક્રમમાં વિદ્યાર્થીની સિદ્ધિની ઔપચારિક નોંધ કરે છે.

### ડબ્લ્યુએસીઇ આવશ્યક્તાઓ શું છે?

ડબ્લ્યુએસીઇ પ્રાપ્ત કરવા વિદ્યાર્થીઓએ:

1. ત્રણ વિકલ્પોમાંથી એક અભ્યાસક્રમ સંયોજન પૂર્ણ કરવું પડે છે:
   - ધોરણ 12નાં ઓછામાં ઓછા ચાર એટાર (ATAR) અભ્યાસક્રમો, અથવા
   - ધોરણ 12નાં ઓછામાં ઓછા પાંચ સામાન્ય અભ્યાસક્રમો અને/અથવા ATAR અભ્યાસક્રમો,
   - એટાર, સામાન્ય અથવા પાયાનાં અભ્યાસક્રમનાં સંયોજન સાથે સર્ટિફિકેટ 2 અથવા ઉચ્ચતર વીઇટી લાયકાત પૂર્ણ કરવી.
2. સાક્ષરતા અને આંકડાશાસ્ત્ર ધોરણ દર્શાવવું.
3. અભ્યાસની વ્યાપકતા અને ગૂઢતાની જરૂરિયાતોને પૂર્ણ કરવી.
4. સિદ્ધિનાં ધોરણો પૂર્ણ કરવા.

### ડબ્લ્યુએસીઇ શિક્ષા વિકલ્પો શું છે?

વિદ્યાર્થીઓને શિક્ષણના ત્રણ વિકલ્પો આપવામાં આવે છે જેમાં તે ગમે તેવું સંયોજન કરી શકે છે:

- ATAR, સામાન્ય, પાયાનાં અને વીઇટી ઉદ્યોગ વિશિષ્ટ સહિતનાં ડબ્લ્યુએસીઇ અભ્યાસક્રમો
- વીઇટી કાર્યક્રમો
- સ્વીકૃત કાર્યક્રમો.

### સાક્ષરતા અને આંકડાશાસ્ત્ર ધોરણની આવશ્યક્તાઓ

વિદ્યાર્થીઓએ કોઇ એકરીતે સાક્ષરતા અને આંકડાશાસ્ત્રનાં લઘુત્તમ ધોરણો દર્શાવવા આવશ્યક છે:

- ધોરણ 9 નેપ્લેનનાં વાંચન, લેખન અને/અથવા આંકડાકીય ઘટકોમાં બેન્ડ 8 અથવા તેથી વધુ પ્રાપ્ત કરીને
- સફળતાપૂર્વક ઓનલાઇન સાક્ષરતા અને આંકડાકીય મૂલ્યાંકન (ઓએલએનએ) પૂર્ણ કરીને

D23/0257102
February 2023
CC BY
Exclusions may apply

## વ્યાપકતા અને ગૂઢતા આવશ્યક્તાઓ

વિદ્યાર્થીઓએ નીચેના સહિતનાં ઓછામાં ઓછા 20 એકમો ઉચ્ચતર માધ્યમિક શાળામાં પૂર્ણ કરવા આવશ્યક છે:

- ઓછામાં ઓછા દસ ધોરણ 12નાં એકમો, અથવા મર્યાદિત સંખ્યામાં વીઇટી લાયકાતો અને સ્વીકૃત કાર્યક્રમોમાંથી મેળવેલા સમકક્ષ શિક્ષણ
- ઇંગ્લિશ લર્નિંગ એરિયા અભ્યાસક્રમોમાંથી ધોરણ 12 એકમોની ઓછામાં ઓછી એક જોડ સહિત ધોરણ 10 પછીનાં ઇંગ્લિશ લર્નિંગ એરિયા અભ્યાસક્રમોમાંથી ચાર એકમો
- સૂચિ "એ" (કળા, ભાષાઓ, સમાજ વિજ્ઞાન)માંથી ધોરણ 12 એકમોની એક જોડ અને
- સૂચિ "બી" (ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી)માંથી ધોરણ 12 એકમોની એક જોડ.

## સિદ્ધિ ધોરણ આવશ્યક્તાઓ

વિદ્યાર્થીઓએ ધોરણ 12 એકમોમાં ઓછામાં ઓછા 6 'સી' કક્ષા અથવા સમકક્ષ સહિત, ધોરણ 11 અને ધોરણ 12 એકમોમાં ઓછામાં ઓછા 14 'સી' કક્ષા અથવા સમકક્ષ પ્રાપ્ત કરવા આવશ્યક છે.


CC BY
Exclusions may apply